CAMPUS



મા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના
'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પથી પ્રેરિત
વિકસિત ભારત માટે વિકસિત વિશ્વવિદ્યાલય

UniVision2047

મ. કૃ. ભાવનગર યુનિવર્સિટી માટે
શૈક્ષણિક શ્રેષ્ઠતા, માળખાગત વિકાસ અને સંસ્થાકીય પરિવર્તનના
વિકાસલક્ષી સૂચનો

C1
CAMPUS

વિશ્વવિદ્યાલય અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના ૧૫ આયામો

પરિકલ્પના અને પ્રસ્તુતિ

ડૉ. નિયતિબેન પંડ્યા

ગુજરાત સરકાર નિયુક્ત સદસ્યા, એક્ઝીક્યુટીવ કાઉન્સિલ
મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

સામાજિક કાર્યકર્તા • મંદિર વ્યવસ્થાપન • માતૃશક્તિ

DrNiyatiVPandya

9227189227 | 9227289227

www.NiyatiPandya.in

ડૉ. નિયતિ વિક્રાંત પંડ્યા
ગુજરાત સરકાર નિયુક્ત સદસ્યા, એક્ઝીક્યુટીવ કાઉન્સિલ
મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

પૃષ્ઠભૂમિ:

વિકસિત વિશ્વવિદ્યાલય માટે આધુનિક, સુરક્ષિત અને સંસ્કારક્ષમ પરિસરની આવશ્યકતા

વિશ્વવિદ્યાલય એ માત્ર શિક્ષણ આપતી સંસ્થા નથી, પરંતુ ભાવિ પેઢીના વ્યક્તિત્વ, વિચારશક્તિ, જીવનમૂલ્યો અને સામાજિક જવાબદારીનું ઘડતર કરતું કેન્દ્ર છે. વર્ગખંડમાં પ્રાપ્ત થતું જ્ઞાન જેટલું મહત્ત્વપૂર્ણ છે, એટલું જ મહત્ત્વપૂર્ણ છે વિદ્યાર્થી જે પરિસરમાં પોતાનાં જીવનનાં અમૂલ્ય વર્ષો વિતાવે છે તે પરિસરનું વાતાવરણ. સ્વચ્છતા, સુરક્ષા, શિસ્ત, હરિયાળી, આધુનિક સુવિધાઓ અને સાંસ્કૃતિક ઓળખ ધરાવતું વિશ્વવિદ્યાલય પરિસર વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, સર્જનાત્મકતા, સંસ્થાકીય ગૌરવ અને જવાબદાર નાગરિકત્વના સંસ્કાર વિકસાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી ભાવનગર તથા આસપાસના વિસ્તારોના ઉચ્ચ શિક્ષણ સાથે જોડાયેલી મહત્ત્વપૂર્ણ જાહેર સંસ્થા છે. આ વિશ્વવિદ્યાલયનું નામ ભાવનગરના પ્રજાવત્સલ મહારાજા કૃષ્ણકુમારસિંહજી સાથે જોડાયેલું છે. તેથી તેની શૈક્ષણિક પ્રતિષ્ઠા સાથે તેના ભૌતિક પરિસરમાં પણ એ નામને અનુરૂપ ગૌરવ, સુવ્યવસ્થા અને ભવિષ્યલક્ષી વિકાસદૃષ્ટિ પ્રતિબિંબિત થાય તે ઇચ્છનીય છે.

આજના સમયમાં ઉચ્ચ શિક્ષણનું પરિદૃશ્ય ઝડપથી બદલાઈ રહ્યું છે. ભાવનગરમાં ખાનગી વિશ્વવિદ્યાલયોની હાજરી સાથે વિદ્યાર્થીઓ અને વાલીઓ સમક્ષ ઉચ્ચ શિક્ષણના વિવિધ વિકલ્પો ઉપલબ્ધ થયા છે. શૈક્ષણિક ગુણવત્તા, અભ્યાસક્રમો અને રોજગારની સંભાવનાઓ ઉપરાંત આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સુરક્ષિત વાતાવરણ, સ્વચ્છતા, સુવિધાસભર પરિસર અને સંસ્થાની એકંદર ઓળખ પણ વિદ્યાર્થીઓની પસંદગીને પ્રભાવિત કરી શકે છે. આવી પરિસ્થિતિમાં આપણી યુનિવર્સિટીએ પોતાની જાહેર શૈક્ષણિક સંસ્થા તરીકેની વિશેષતાઓ જાળવી રાખીને ભૌતિક સુવિધાઓ અને પરિસરની ગુણવત્તામાં પણ નવી ઊંચાઈ પ્રાપ્ત કરવી જરૂરી છે.

વિશ્વવિદ્યાલયનો બાહ્ય દેખાવ માત્ર સૌંદર્યનો વિષય નથી, પરંતુ તેની ઓળખ અને પ્રતિષ્ઠાનો પણ વિષય છે. કોઈ વિદ્યાર્થી, વાલી કે મુલાકાતી પ્રથમ વખત કેમ્પસમાં પ્રવેશે ત્યારે તેને એક સુવ્યવસ્થિત, સુરક્ષિત અને આધુનિક શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ્યાની અનુભૂતિ થવી જોઈએ. આ દૃષ્ટિએ વાઘાવડી રોડ પર શામળદાસ કોલેજની સામેના વિસ્તારમાં ભવ્ય, આકર્ષક અને સ્થાપત્યની દૃષ્ટિએ વિશિષ્ટ મુખ્ય પ્રવેશદ્વાર બનાવવો જોઈએ. શહેરના આ મહત્ત્વપૂર્ણ માર્ગ પર યુનિવર્સિટીને એક નવી ઓળખ મળી શકે. આ ભવ્ય ગેટની સાથે સાથે નવા આંતરિક માર્ગો, યોગ્ય પ્રવેશ અને નિર્ગમન વ્યવસ્થા તથા સુવ્યવસ્થિત વાહનવ્યવહારનું આયોજન પણ જરૂરી છે.

આધુનિક કેમ્પસની કલ્પના માત્ર ભવ્ય પ્રવેશદ્વારથી પૂર્ણ થતી નથી. પરિસરની હદ સ્પષ્ટ હોય, અનધિકૃત દબાણો ન હોય, પ્રવેશવ્યવસ્થા નિયંત્રિત હોય અને વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ માટે સુરક્ષિત વાતાવરણ ઉપલબ્ધ હોય તે પણ એટલું જ આવશ્યક છે. ખાસ કરીને મહિલા વિદ્યાર્થીઓની સુરક્ષા, યોગ્ય લાઇટ વ્યવસ્થા, જરૂરિયાત મુજબ દેખરેખ, ફરિયાદ નિવારણ અને કટોકટીમાં તાત્કાલિક સહાય જેવી વ્યવસ્થાઓ કેમ્પસના વિકાસમાં પ્રાથમિક સ્થાન ધરાવવી જોઈએ. તમાકુ, માદક પદાર્થો અને અન્ય વ્યસનોથી મુક્ત પરિસરનું નિર્માણ પણ શૈક્ષણિક શિસ્ત અને વિદ્યાર્થીકલ્યાણ સાથે સીધું જોડાયેલું છે.

કેમ્પસમાં સ્વચ્છ અને સુલભ શૌચાલયો, શુદ્ધ પીવાનું પાણી, બેસવા અને વિશ્રામ કરવાની જગ્યાઓ, છાયાવાળા માર્ગો, યોગ્ય પાર્કિંગ તથા દિવ્યાંગજનો માટે અવરોધમુક્ત સુવિધાઓ ઉપલબ્ધ હોવી એ વૈભવ નહીં, પરંતુ ગુણવત્તાસભર શૈક્ષણિક વાતાવરણની મૂળભૂત આવશ્યકતાઓ છે. આ સુવિધાઓની રચના જેટલી અગત્યની છે, એટલી જ અગત્યની તેની નિયમિત જાળવણી અને જવાબદારીની સ્પષ્ટ વ્યવસ્થા છે.

ડૉ. નિયતિ વિક્રાંત પંડ્યા
ગુજરાત સરકાર નિયુક્ત સદસ્યા, એક્ઝીક્યુટીવ કાઉન્સિલ
મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

ભાવનગરમાં રહેતા આપણાં વિદ્યાર્થીઓ ઉપરાંત પરીક્ષાઓ, શૈક્ષણિક કાર્યક્રમો અને અન્ય હેતુઓ માટે બહારગામથી આવતા વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓની જરૂરિયાતો પણ ધ્યાનમાં લેવી જોઈએ. ખાસ કરીને પરીક્ષા આપવા આવતા વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ ક્ષમતા અને માંગને અનુરૂપ અલ્પકાલીન, સુરક્ષિત અને પરવડે તેવી નિવાસ સુવિધા ઊભી કરવી જોઈએ. કેમ્પસના વિવિધ વિભાગો વચ્ચે આવનજાવન માટે ઇલેક્ટ્રિક શટલ, ઇ-રિક્ષા અથવા સાયકલ જેવી પર્યાવરણમૈત્રી વ્યવસ્થાઓ વિકસાવવાથી વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓની સુવિધામાં વધારો થઈ શકે છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં ગુણવત્તાસભર, સર્વસમાવેશક અને સર્વાંગી શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો છે. આ ભાવનાને અનુરૂપ વિશ્વવિદ્યાલયનું પરિસર પણ માત્ર ઇમારતો અને રસ્તાઓનો સમૂહ નહીં, પરંતુ શિક્ષણ, સંશોધન, પર્યાવરણજાગૃતિ અને વ્યક્તિત્વવિકાસને પ્રોત્સાહન આપતું જીવંત કેન્દ્ર બનવું જોઈએ.

આ દૃષ્ટિએ કેમ્પસની હરિયાળીનું આયોજન પણ વિશેષ મહત્ત્વ ધરાવે છે. ફળાઉ વૃક્ષો, પુષ્પવન, ઔષધીય વનસ્પતિ અને સ્થાનિક આબોહવાને અનુરૂપ વૃક્ષોની વાટિકાઓ દ્વારા પરિસરને સુંદર બનાવવાની સાથે વિદ્યાર્થીઓ માટે પ્રકૃતિ આધારિત શિક્ષણની તકો ઊભી કરી શકાય છે. જૈવવિવિધતા, જળસંરક્ષણ, વરસાદી પાણીના સંગ્રહ અને કચરાના વૈજ્ઞાનિક વ્યવસ્થાપન જેવા પ્રયાસો દ્વારા કેમ્પસને પર્યાવરણ પ્રત્યે જવાબદાર સંસ્થાના ઉદાહરણ તરીકે વિકસાવી શકાય છે.

વધતી ઊર્જા જરૂરિયાતો અને પર્યાવરણના પડકારોને ધ્યાનમાં રાખીને સૌર ઊર્જા, ઊર્જાકાર્યક્ષમ પ્રકાશવ્યવસ્થા તથા વીજળીના વપરાશનું વ્યવસ્થિત સંચાલન પણ કેમ્પસ વિકાસના કેન્દ્રમાં હોવું જોઈએ. તબક્કાવાર આયોજન દ્વારા યુનિવર્સિટીને પોતાની ઊર્જા જરૂરિયાતોનો નોંધપાત્ર હિસ્સો સ્વચ્છ ઊર્જામાંથી પ્રાપ્ત કરતી સંસ્થા બનાવવાનો પ્રયાસ કરી શકાય છે. લાંબા ગાળે ઊર્જાકાર્યક્ષમ અને શક્ય હોય ત્યાં ઊર્જા-ધનાત્મક કેમ્પસનું લક્ષ્ય રાખી શકાય.

આપણાં વિશ્વવિદ્યાલયનું પરિસર ભાવનગરના ઇતિહાસ, કલા અને સંસ્કૃતિનું પણ પ્રતિબિંબ બની શકે છે. ભાવનગરના કલાકારો, સ્થાપત્યવિદો અને સર્જનાત્મક પ્રતિભાઓના સહયોગથી પસંદગીના સ્થળોએ શૈક્ષણિક તથા સાંસ્કૃતિક વિષયોને રજૂ કરતાં ભીંતચિત્રો, શિલ્પો અને કલાત્મક સ્થાપનો વિકસાવવા જોઈએ. આ સાથે યુનિવર્સિટીના વિવિધ વિભાગો, સંસ્થાઓ અને સુવિધાઓની સરળ ઓળખ માટે સુવ્યવસ્થિત સાઇનબોર્ડ તથા ડિજિટલ કેમ્પસ મેપની વ્યવસ્થા ઉપયોગી બની શકે છે. ભારતીય જ્ઞાનપરંપરા અને વિદ્યાની આરાધનાના પ્રતીકોને પણ સંસ્થાની સર્વસમાવેશક શૈક્ષણિક ઓળખ સાથે સ્થાન મળે એવું કરવું જોઈએ.

આવા સર્વાંગી પરિવર્તન માટે એકસાથે મોટા ખર્ચની આવશ્યકતા હોય એવું નથી. ઉપલબ્ધ સંપત્તિ અને સુવિધાઓનું મૂલ્યાંકન, તાત્કાલિક જરૂરી સુધારાઓની ઓળખ, તબક્કાવાર વિકાસયોજના, સંભવિત નાણાકીય સ્રોતો અને જાળવણી માટે જવાબદાર વ્યવસ્થાઓ દ્વારા વ્યવહારુ શરૂઆત કરી શકાય છે. વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો, કર્મચારીઓ, પૂર્વ વિદ્યાર્થીઓ, સ્થાનિક નિષ્ણાતો અને સમાજના સહયોગથી આ પ્રયાસને વધુ અર્થપૂર્ણ બનાવી શકાય છે.

UniVision2047ના પ્રથમ આયામ 'CAMPUS' અંતર્ગત રજૂ કરવામાં આવતા સૂચનોનો હેતુ આપણી યુનિવર્સિટીને માત્ર દેખાવમાં આકર્ષક બનાવવાનો નથી, પરંતુ કેમ્પસને સુરક્ષિત, સુવિધાસભર, હરિયાળું, ઊર્જાકાર્યક્ષમ, સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ અને વિદ્યાર્થીઓ માટે ગૌરવપૂર્ણ શૈક્ષણિક પરિસર તરીકે વિકસાવવાની દિશામાં વિચારણા પ્રેરવાનો છે.

કારણ કે મારુ માનવું છે કે વિકસિત વિશ્વવિદ્યાલયની ઓળખ તેના વર્ગખંડોમાં જેટલી દેખાય છે, એટલી જ તેના પરિસરની વ્યવસ્થા, સંસ્કૃતિ અને વિદ્યાર્થીઓ પ્રત્યેની સંવેદનશીલતામાં પણ પ્રતિબિંબિત થાય છે.

ડૉ. નિયતિ વિક્રાંત પંડ્યા
ગુજરાત સરકાર નિયુક્ત સદસ્યા, એક્ઝીક્યુટીવ કાઉન્સિલ
મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

C1: કેમ્પસ

યુનિવર્સિટી કેમ્પસના સર્વાંગી વિકાસ માટેનાં ૨૨ સૂચનો

૧. વાઘાવાડી રોડ પર ભવ્ય મુખ્ય પ્રવેશદ્વારનું નિર્માણ

શામળદાસ કોલેજની સામેના વિસ્તારમાં, ઉપલબ્ધ જમીન અને માર્ગસુવિધાની શક્યતા તપાસીને, યુનિવર્સિટીની ઓળખને અનુરૂપ આધુનિક અને ભવ્ય મુખ્ય પ્રવેશદ્વાર વિકસાવવું. તેની સ્થાપત્યરચનામાં મહારાજા કૃષ્ણકુમારસિંહજીની સ્મૃતિ, ભાવનગરની ઓળખ અને શૈક્ષણિક ગૌરવ પ્રતિબિંબિત થાય તેવો અભિગમ અપનાવવો.

૨. નવા આંતરિક માર્ગો અને વાહનવ્યવહારનું આયોજન

પ્રસ્તાવિત મુખ્ય પ્રવેશદ્વારને યુનિવર્સિટીના મહત્ત્વપૂર્ણ વિભાગો સાથે જોડતા નવા માર્ગોની શક્યતા તપાસવી. પ્રવેશ, નિર્ગમન, પાર્કિંગ, પગપાળા અવરજવર અને કટોકટીના વાહનો માટે સંકલિત માર્ગવ્યવસ્થા તૈયાર કરવી.

૩. કેમ્પસની હદનું નિર્ધારણ અને અનધિકૃત દબાણોનું નિવારણ

યુનિવર્સિટીની જમીનનું અદ્યતન માપણી અને સીમા-નિર્ધારણ કરાવી જમીનનો ડિજિટલ રેકોર્ડ તૈયાર કરવો. અનધિકૃત દબાણો જણાય તો કાયદેસરની પ્રક્રિયા અનુસરી તેનું નિવારણ કરવું અને ભવિષ્યમાં દબાણો ન થાય તે માટે સુરક્ષિત સીમા વ્યવસ્થા વિકસાવવી.

૪. સુરક્ષિત અને નિયંત્રિત પ્રવેશવ્યવસ્થા

કેમ્પસના પ્રવેશબિંદુઓનું મૂલ્યાંકન કરીને જરૂરી સ્થળોએ સુરક્ષાકર્મીઓ, મુલાકાતી નોંધણી, યોગ્ય પ્રકાશવ્યવસ્થા અને જોખમ આધારિત CCTV દેખરેખની વ્યવસ્થા કરવી. સુરક્ષા સાથે વિદ્યાર્થીઓની અવરજવરની સરળતા અને ગોપનીયતાનું સંતુલન જાળવવું.

૫. તમાકુ અને માદક પદાર્થમુક્ત કેમ્પસ

લાગુ કાયદા અને નિયમોને અનુરૂપ તમાકુમુક્ત તથા માદક પદાર્થમુક્ત પરિસર માટે અસરકારક અમલવ્યવસ્થા વિકસાવવી. જનજાગૃતિ, પરામર્શ, ફરિયાદવ્યવસ્થા અને જરૂરી શિસ્તભંગ કાર્યવાહીનો સંકલિત અભિગમ અપનાવવો.

૬. મહિલા વિદ્યાર્થીઓ માટે વિશેષ સુરક્ષા અને સહાયવ્યવસ્થા

મહિલા વિદ્યાર્થીઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સુરક્ષિત માર્ગો, પૂરતી લાઇટિંગ, કાર્યરત ફરિયાદ નિવારણ વ્યવસ્થા, કટોકટી સંપર્કસુવિધા અને સંવેદનશીલ સહાયવ્યવસ્થા સુનિશ્ચિત કરવી. નિયમિત સલામતી મૂલ્યાંકન હાથ ધરવું.

૭. આંતરિક રસ્તાઓ, ફૂટપાથ અને સ્ટ્રીટલાઇટનું આધુનિકીકરણ

હાલના માર્ગોનું સર્વેક્ષણ કરીને ક્ષતિગ્રસ્ત રસ્તાઓનું સમારકામ, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા, સુરક્ષિત ફૂટપાથ અને ઊર્જાકાર્યક્ષમ સ્ટ્રીટલાઇટ વિકસાવવી. દિવ્યાંગજનો માટે સુલભ માર્ગોનું આયોજન કરવું.

૮. સ્વચ્છ અને સુવિધાસભર શૌચાલય વ્યવસ્થા

મહાત્મા ગાંધી કેમ્પસ અને સરદાર પટેલ કેમ્પસમાં જાહેર શૌચાલય ની વ્યવસ્થા કરવી. જેથી પરીક્ષા કે અન્ય કોઈ કામગીરી માટે આવેલ વિદ્યાર્થીને કોઈ બિલ્ડિંગ માં અંદર જવું ન પડે. આ ઉપરાંત કેમ્પસના દરેક મુખ્ય બિલ્ડિંગમાં મહિલાઓ, પુરુષો અને દિવ્યાંગજનો માટે જરૂરી શૌચાલય સુવિધાઓનું મૂલ્યાંકન કરીને સુધારા કરવા. સ્વચ્છતા, પાણી, જાળવણી, માસિક સ્વચ્છતા સંબંધિત સુવિધાઓ અને નિયમિત નિરીક્ષણ માટે જવાબદારી નિર્ધારિત કરવી.

ડૉ. નિયતિ વિક્રાંત પંડ્યા
ગુજરાત સરકાર નિયુક્ત સદસ્યા, એક્ઝીક્યુટીવ કાઉન્સિલ
મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

૯. શુદ્ધ પીવાના પાણીની સુલભ વ્યવસ્થા

મહાત્મા ગાંધી કેમ્પસ અને સરદાર પટેલ કેમ્પસમાં જાહેર જગ્યાએ પાણીની સુવિધા ઊભી કરવી. જેથી પરીક્ષા આપવા આવેલા અથવા અન્ય કામ થી આવેલ વિદ્યાર્થીઓને કોઈ બિલ્ડિંગમાં દાખલ થયા વિના પાણીની વ્યવસ્થા મળી રહે. આ ઉપરાંત જાહેર સ્થાનો પર શુદ્ધ પીવાના પાણીની પૂરતી વ્યવસ્થા કરવી. પાણીની ગુણવત્તાનું નિયમિત પરીક્ષણ અને તમામ વોટર સ્ટેશનોની જાળવણી સુનિશ્ચિત કરવી.

૧૦. વિદ્યાર્થીઓ માટે વિશ્રામ અને બેઠક વ્યવસ્થા

વર્ગો વચ્ચેના સમયગાળામાં વિદ્યાર્થીઓ બેસી શકે, વાંચી શકે અને ચર્ચા કરી શકે તેવા છાયાવાળા, સ્વચ્છ અને સુવિધાસભર વિશ્રામસ્થળો વિકસાવવા. જરૂરી સ્થળોએ બેઠક, પીવાનું પાણી અને અન્ય મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી.

૧૧. બહારગામથી પરીક્ષા આપવા આવતા વિદ્યાર્થીઓ માટે અલ્પકાલીન નિવાસસુવિધા

પરીક્ષાઓ દરમિયાન બહારગામથી આવતા વિદ્યાર્થીઓની સંખ્યા અને જરૂરિયાતનો અભ્યાસ કરીને ઉપલબ્ધ હોસ્ટેલ, ગેસ્ટ હાઉસ અથવા અન્ય યોગ્ય સુવિધાઓમાં નિયંત્રિત, સુરક્ષિત અને પરવડે તેવી અલ્પકાલીન નિવાસવ્યવસ્થાની વ્યવસ્થા કરવી.

૧૨. પર્યાવરણમૈત્રી આંતરિક પરિવહન વ્યવસ્થા

કેમ્પસનું ક્ષેત્રફળ, વિભાગો વચ્ચેનું અંતર અને વિદ્યાર્થીઓની અવરજવરને ધ્યાનમાં રાખીને ઇ-રિક્ષા, ઇલેક્ટ્રિક શટલ અથવા સાયકલ જેવી પરિવહનસુવિધાઓનો તબક્કાવાર પ્રયોગ કરવો. કેમ્પસ ને સિંગલ યુઝ પ્લાસ્ટિક ફ્રી બનાવવું.

૧૩. વ્યવસ્થિત પાર્કિંગ અને વાહનવ્યવહાર શિસ્ત

વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને મુલાકાતીઓ માટે યોગ્ય સ્થળોએ નિર્ધારિત પાર્કિંગ વ્યવસ્થા વિકસાવવી. પગપાળા માર્ગો, ઇમરજન્સી માર્ગો અને પ્રવેશદ્વારો અવરોધમુક્ત રહે તે માટે સ્પષ્ટ સૂચનાઓ અને વ્યવસ્થાપન પદ્ધતિ અમલમાં મૂકવી.

૧૪. ફળાઉ વૃક્ષો અને સ્થાનિક પ્રજાતિઓનું હરિયાળું પરિસર

કેમ્પસની ઉપલબ્ધ ખુલ્લી જગ્યાઓનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન કરીને સ્થાનિક આબોહવાને અનુરૂપ છાયાદાર અને ફળાઉ વૃક્ષોનું આયોજનબદ્ધ વાવેતર કરવું. દરેક વાવેતર સાથે સિંચાઈ, સંરક્ષણ અને જાળવણીની જવાબદારી નિર્ધારિત કરવી.

૧૫. પુષ્પવન અને ઔષધીય વનસ્પતિ વાટિકાનું નિર્માણ

કેમ્પસમાં યોગ્ય સ્થળોએ વિષયાધારિત પુષ્પવન અને ઔષધીય વનસ્પતિ વાટિકા વિકસાવવી. તેને માત્ર સૌંદર્યવર્ધન નહીં, પરંતુ વનસ્પતિશાસ્ત્ર, પર્યાવરણ શિક્ષણ અને ભારતીય જ્ઞાનપરંપરાના અભ્યાસ માટે પણ ઉપયોગી બનાવવી. જેના માટે સલગ્ન કોલેજો ને પણ સાથે લઈ શકાય.

૧૬. સૌર ઊર્જા અને ઊર્જાકાર્યક્ષમ કેમ્પસ

યુનિવર્સિટીના વીજવપરાશનું ઊર્જા ઓડિટ કરાવી તમામ ઇમારતો પર સોલાર રૂફટોપની શક્યતા તપાસવી. LED લાઇટિંગ, ઊર્જાકાર્યક્ષમ ઉપકરણો અને વીજવપરાશની દેખરેખ દ્વારા લાંબા ગાળે ઊર્જાકાર્યક્ષમ તથા શક્ય હોય ત્યાં ઊર્જા-ધનાત્મક કેમ્પસ તરફ આગળ વધવું.

૧૭. વરસાદી પાણીનો સંગ્રહ અને જળસંરક્ષણ

કેમ્પસમાં વરસાદી પાણીના સંગ્રહ, ભૂગર્ભજળ રિચાર્જ અને પાણીના પુનઃઉપયોગ માટે તકનિકી અભ્યાસ કરવો. પાણીના બગાડને અટકાવવા નિયમિત નિરીક્ષણ અને જાળવણીની વ્યવસ્થા કરવી.

ડૉ. નિયતિ વિક્રાંત પંડ્યા
ગુજરાત સરકાર નિયુક્ત સદસ્યા, એક્ઝીક્યુટીવ કાઉન્સિલ
મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

૧૮. કચરા વ્યવસ્થાપન અને સ્વચ્છ પરિસર અભિયાન

ભીનો, સૂકો અને અન્ય પ્રકારનો કચરો અલગ એકત્રિત કરવાની વ્યવસ્થા વિકસાવવી. યોગ્ય સ્થળોએ કચરાપેટીઓ, જૈવિક કચરાનું ખાતરમાં રૂપાંતર અને અધિકૃત સંસ્થાઓ મારફતે પુનઃચક્રણની વ્યવસ્થા કરવી.

૧૯. સુવ્યવસ્થિત સાઇનબોર્ડ અને ડિજિટલ કેમ્પસ મેપ

કેમ્પસના પ્રવેશદ્વારો અને મહત્ત્વપૂર્ણ સ્થળોએ વિભાગો, કચેરીઓ, સુવિધાઓ તથા માર્ગો દર્શાવતા સ્પષ્ટ સાઇનબોર્ડ મૂકવા. QR કોડ આધારિત ડિજિટલ કેમ્પસ મેપ તૈયાર કરીને વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓ માટે માર્ગદર્શન સરળ બનાવવું. કેમ્પસમાં ચાલીને અવર-જવર કરતાં વિદ્યાર્થીઓઅથવા રમત ગમત માટે નિશ્ચિત અંતર કાપવા વાળા માટે ને સુવિધા રહે એટલે કેમ્પસના રસ્તે માઈલસ્ટોનપણ મુકાવવા.

૨૦. સ્થાનિક કલાકારો દ્વારા ભીંતચિત્રો અને કલાત્મક સ્થાપનો

ભાવનગરના કલાકારો, કલા સંસ્થાઓ અને વિદ્યાર્થીઓના સહયોગથી પસંદગીના સ્થળોએ ભાવનગરનો ઇતિહાસ, ભારતીય જ્ઞાનપરંપરા, વિજ્ઞાન, પર્યાવરણ અને રાષ્ટ્રીય વ્યક્તિત્વોને રજૂ કરતાં ગુણવત્તાસભર ભીંતચિત્રો તથા કલાત્મક સ્થાપનો વિકસાવવા.

૨૧. વિદ્યાની આરાધના અને સાંસ્કૃતિક ઓળખ માટે પ્રતીકાત્મક સ્થાન


કેમ્પસના ઈશાન ખૂણામાં શામળદાસ કોલેજ વાળા ગેટ થી અંદર આવતા તરત જમણી બાજુએ માતા સરસ્વતીના મંદિર અથવા વિદ્યાની આરાધનાના પ્રતીકાત્મક સ્થાનની સ્થાપના કરવી. જમીનના ઉપયોગ, લાગુ કાયદા, યુનિવર્સિટીના નિયમો, સંસ્થાની સર્વસમાવેશક ઓળખ અને સક્ષમ સત્તાધિકારીઓની મંજૂરીને ધ્યાનમાં રાખીને જ નિર્ણય લેવો.

૨૨. કેમ્પસ વિકાસ માટે સંકલિત માસ્ટર પ્લાન

ઉપરોક્ત તમામ સૂચનોને અલગ-અલગ કામો તરીકે નહીં, પરંતુ એક સંકલિત કેમ્પસ વિકાસયોજનાના ભાગરૂપે અમલમાં મૂકવા માટે નિષ્ણાતો દ્વારા માસ્ટર પ્લાન તૈયાર કરાવવો. તેમાં વર્તમાન સ્થિતિનું મૂલ્યાંકન, પ્રાથમિકતા, અંદાજિત ખર્ચ, નાણાકીય સ્રોતો, તબક્કાવાર સમયમર્યાદા, જવાબદાર વિભાગો અને જાળવણીની વ્યવસ્થા સામેલ કરવી. સાથે સાથે ખર્ચ માટે દાન આપનારા દાતાઓ ને પણ મદદ કરવા કહી શકાય.



ડૉ. નિયતિ વિક્રાંત પંડ્યા
ગુજરાત સરકાર નિયુક્ત સદસ્યા, એક્ઝીક્યુટીવ કાઉન્સિલ
મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી



UniVision2047 વિકસિત વિશ્વવિદ્યાલયથી વિકસિત ભારત

કર્તવ્યબોધથી પરિકલ્પના

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના **'વિકસિત ભારત ૨૦૪૭'**ના સંકલ્પ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ની ભાવનાને સાકાર કરવામાં આપણા વિશ્વવિદ્યાલયોની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ છે.
વિદ્યાર્થી પરિષદમાં માંથી મને મળેલા **'જ્ઞાન, શીલ અને એકતા'**ના સંસ્કાર અને 'રાષ્ટ્ર પુનઃનિર્માણ'ની પ્રેરણાએ શિક્ષણને માત્ર પદવીપ્રાપ્તિ નહીં, પરંતુ વિદ્યાર્થી, સમાજ અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસનું માધ્યમ ગણવાનીની દૃષ્ટિ આપી.
જનકલ્યાણ અને વિકાસને સમર્પિત ગુજરાત સરકાર દ્વારા નેકનામદાર મહારાજા કૃષ્ણકુમારસિંહજીના નામ સાથે જોડાયેલી આપણી ભાવનગર યુનિવર્સિટીની સરકારશ્રી નિયુક્ત એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સદસ્યા તરીકે વિદ્યાર્થીઓ, શિક્ષણજગત અને સમાજ પ્રત્યેની મારી કર્તવ્યભાવનામાંથી **'UniVision 2047'** પરિકલ્પના જન્મી છે.
UniVisionમાં 'Uni' એટલે University અને Universal બન્ને. આપણા વિશ્વવિદ્યાલયના વિકાસની સાથે શિક્ષણને સમાજ, રાષ્ટ્ર અને વિશ્વની વિશાળ આવશ્યકતાઓ સાથે જોડવાની દૃષ્ટિને કેન્દ્રમાં રાખી છે.
આ સંકલ્પપત્ર અંતર્ગત આપણી યુનિવર્સિટીના સર્વાંગી વિકાસના ૧૫ આયામો દ્વારા વ્યવહારુ, ભવિષ્યલક્ષી અને અમલમાં મૂકી શકાય તેવાં સૂચનો રજૂ કરવાનો મારો પ્રયાસ છે. સાથે જ પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ, પૂર્વ વિદ્યાર્થીઓ અને સમગ્ર સમાજમાં 'આપણું વિશ્વવિદ્યાલય, આપણી જવાબદારી'નો ભાવ જાગૃત કરી સહુની સહભાગિતાથી એક શ્રેષ્ઠ વિશ્વવિદ્યાલયનું નિર્માણ થાય એવી મારી ભાવના છે.

કારણ કે મારુ માનવું છે કે વિકસિત વિશ્વવિદ્યાલય જ વિકસિત ભારત બનાવવા માટે સક્ષમ નાગરિકો અને સમર્થ રાષ્ટ્રનું નિર્માણ કરી શકશે.



ડૉ. નિયતિબેન પંડયા
સામાજિક કાર્યકર્તા • મંદિર વ્યવસ્થાપન • માતૃશક્તિ

ડૉ. નિયતિબેન પંડયા મંદિર વ્યવસ્થાપન વિષયમાં પીએચ.ડી. કરનાર ગુજરાતનાં પ્રથમ સંશોધક છે. . ભાવનગર ખાતે વિવિધ સંગઠનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય રહી માતૃશક્તિના ઉત્થાન માટે કાર્યરત છે. આઇટ એઓસીએશન BESIAનાં ઉપપ્રમુખ તરીકે ભાવનગરના આઇટી ઉદ્યોગોના પ્રશ્નો અને સમસ્યાઓના સુખદ નિરાકરણ માટે સક્રિય રીતે કાર્ય કરે છે. સરકારી મેડિકલ કોલેજ, ભાવનગરની ઇન્સ્ટિટ્યૂશનલ એથિક્સ કમિટી તથા રામવાડી ટ્રસ્ટ સાથે સંકળાઈને સંસ્થાકીય અને સામાજિક પ્રવૃત્તિઓમાં યોગદાન આપે છે. એમના **'શ્રીવસ્ત્રાલય'** પ્રકલ્પ દ્વારા ભાવનગરની ૫૦૦થી વધુ જરૂરિયાતમંદ દીકરીઓ અને બહેનોને શુભપ્રસંગોએ સહાય મળી છે. **'ઋતુમતી કીટ'**, **'ભાવનગર દીપોત્સવ'** અને મહિલા ઉત્કર્ષની વિવિધ પ્રવૃત્તિઓમાં પણ તેઓ સક્રિય છે. મહિલાઓ અને યુવાઓ સાથે વિવિધ સામાજિક તથા સાંસ્કૃતિક વિષયો પર સંવાદ કરવાની સાથે વિદ્યાર્થીઓ અને નાગરિકોના પ્રશ્નો અંગે પણ તેઓ સત્તાધિકારીઓ સમક્ષ રચનાત્મક રજૂઆતો કરે છે.

DrNiyatiVPandya

www.NiyatiPandya.in